ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬
ટેલિગ્રામ :યુનિગુજરાત

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY
**(NAAC Accredited B++)**
**www.gujaratuniversity.org.in**

FAX : (079) 26302654
Telephone : 26301341-26300342-43,
26300126
Telegrams : UNIGUJARAT

OFFICE OF THE GUJARAT UNIVERSITY,
POST BOX NO. 4010, NAVRANGPURA,
AHMEDABAD-380 009 (INDIA).

**નં. પરીક્ષા/૨-અ/BEd/૬૫૮૮૦/૨૦૧૬** **તા.૧૭-૦૩-૨૦૧૬**

**બી.એડ સેમેસ્ટર-૨ (રેગ્યુલર) વિદ્યાર્થી માટે**

**પરિપત્ર નં. : ૩૦**

ગુજરાત યુનિવર્સિટી સાથે સંકળાયેલ તમામ બી.એડ્. કૉલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, આ યુનિવર્સિટીના બી.એડ્. સેમેસ્ટર-૨ (રેગ્યુલર)માં પ્રવેશ મેળવેલ હોય તેવા વિદ્યાર્થીઓના પરીક્ષાના આવેદનપત્રો ભરવાના થાય છે. આવેદનપત્રો www.gujaratuniversity.org.in પર Student corner માં જઈ Examinationsમાં Examination Formમાંથી પ્રી-પ્રિન્ટેડ ફોર્મ તેમજ કૉલેજવાઈઝ યાદી ડાઉનલોડ કરવાની રહેશે. તેમજ જે વિદ્યાર્થીનાં ફોર્મ પ્રિ-પ્રિન્ટેડ ન હોય તેનું કોરૂં ફોર્મ ડાઉન લોડ કરી ભરવાનું રહેશે અને Online Exam Form correction Systemમાં એન્ટ્રી કરવાની રહેશે. જે ફોર્મ ભરી ડાઉનલોડ કરેલ કૉલેજવાઈઝ યાદી તેમજ નવી એન્ટ્રી કરેલ યાદી ફી સાથે **આ કાર્યાલયને તા. ૨૯-૦૩-૨૦૧૬ સુધીમાં જમા કરાવવાનું જણાવવામાં આવે છે. ત્યારબાદ માન. કુલપતિશ્રીના આદેશ સિવાય કોઈ જ પરીક્ષા ફોર્મ સ્વીકારવામાં આવશે નહી.**

**પરીક્ષા ફોર્મ યુનિવર્સિટી કાર્યાલયમાં જમા કરાવવા માટે મોકલતા અગાઉ નીચેની સૂચનાઓનું ચુસ્તરીતે પાલન કરવા વિનંતી છે.**

(૧) સેમેસ્ટર-૨ (રેગ્યુલર) પરીક્ષા ફી પેટે વિદ્યાર્થીદીઠ રૂ. ૨૨૫/- જમા કરાવવાના રહેશે. જેમાં રૂ. ૨૫/- પરીક્ષા ફોર્મની ફી, રૂ. ૨૦૦/- પરીક્ષા ફીનો સમાવેશ થાય છે.

(૨) **જે વિદ્યાર્થીઓએ ફાઈનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ હજુ સુધી અત્રે જમા કરાવેલ ન હોય તેવા વિદ્યાર્થી પરિપત્ર નં. ૨૦૫, ૨૫૩, ૨૫૪ અને ૧૫ મુજબ સેમેસ્ટર-૨ નું પરીક્ષા ફોર્મ ભરી શકશે નહિં. જેની કૉલેજના આચાર્યશ્રીઓએ ખાસ નોંધ લઈ તેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.**

(૩) **પરીક્ષા ફોર્મમાં નીચેની વિગતો સ્પષ્ટરીતે ભરવી.**

(ક) વિદ્યાર્થીએ ભરેલ તમામ વિગતો તથા પ્રી-પ્રિન્ટેડ ફોર્મમાં છપાયેલ વિગતો કૉલેજે ચકાસ્યા બાદ જ વિદ્યાર્થીના ફોર્મ તથા કૉલેજવાઈઝ યાદી આચાર્યશ્રીના સહી-સિક્કા કરીને જમા કરાવવાના રહેશે.

(ખ) જે વિદ્યાર્થીનું પરીક્ષા ફોર્મ રદ કરવાનું હોય તે ફોર્મની પ્રિન્ટ કાઢીને લાલ બોલપેનથી રદ કરી યાદીમાં રદ લખી આચાર્યશ્રીના સહી-સિક્કા કરીને અલગ કરી જમા કરાવવાનું રહેશે. તેમજ Online Exam Form correction Systemમાં ડીલીટ કરી તેની પ્રિન્ટ આપવાની રહેશે.

(૪) યુનિવર્સિટી સ્પોર્ટ્સ ફી તથા કલ્ચરલ ફી પરીક્ષા ફી સાથે ભરવાની રહેશે. અન્યથા પરીક્ષા ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.

(૫) **કૉલેજોએ કોઈપણ સંજોગોમાં વિદ્યાર્થીઓને સીધા યુનિવર્સિટી કાર્યાલય ખાતે ફોર્મ આપવા મોકલવા નહીં, જેની ખાસ નોંધ લેવી.**

***[ P.T.O.***

(૬) આપની સંસ્થામાં આગામી પરીક્ષાઓમાં બેસનાર તમામ વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણે પરીક્ષા ફી રોકડેથી, ડિમાન્ડ ડ્રાફ્ટથી, ચેકથી કે પે-ઓર્ડરથી નજીકની એચ.ડી.એફ.સી. (HDFC) બેન્કમાં નિયત તારીખ સુધીમાં જમા કરાવવાની રહેશે. ચેક મારફતે પેમેન્ટ નિયત તારીખથી એક દિવસ અગાઉ જમા કરાવવાનું રહેશે.

(૭) એચ.ડી.એફ.સી. (HDFC) નિયત કરેલ બ્રાન્ચની યાદી સામેલ છે. તેમજ વેબસાઈટ પર મુકેલ છે.

(૮) ડી.ડી.નું કમિશન બાદ આપવામાં આવશે નહીં. કોઈપણ કારણોસર ચેક બાઉન્સ થાય તો રૂ. ૨,૦૦૦/- લેખે દંડ લેવામાં આવશે. જેની જવાબદારી કૉલેજની રહેશે.

(૯) (HDFC) બેન્કમાં ચલણની ચાર કોપી લઈ જવાની રહેશે. જે પૈકી એક કોપી બેન્કને, એક કોપી કૉલેજને, એક કોપી યુનિવર્સિટી એકાઉન્ટ તથા એક કોપી પરીક્ષા વિભાગ ખાતે જમા કરાવવાની રહેશે.

(૧૦) દરેક સેમેસ્ટરમાં કોર્સ દીઠ ચલણ અલગ અલગ ભરવાના રહેશે.

આભાર સહ.

Sd/-

કા. પરીક્ષા નિયામક

પ્રતિ,

(૧) તમામ બી.એડ્. વિદ્યાશાખાની કૉલેજોનાં આચાર્યશ્રીઓ તરફ

(૨) કુલપતિશ્રીના તથા ઉપકુલપતિશ્રીના અંગત સચિવશ્રી તરફ,

(૩) કુલસચિવશ્રીના અંગત મદદનીશ તરફ,

(૪) તમામ વિભાગીય અધિકારીઓ તરફ,

(૫) પરીક્ષાના કો-ઑર્ડિનેટરશ્રીઓ,

(૬) ડાયરેક્ટરશ્રી, રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર,

(૭) ઈન્ફોર્મેશન સેન્ટર, ગુજ. યુનિ. અમદાવાદ-૯.